## નમુનો નં.૪

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ – ૧૪૪ અન્વયેનો હુકમ.

ક્રમાંક : એમએજી/સીઆરપીસી/વશી-૫૭૪-૫૮૮ /૨૦૧૬
તા.૧૩/૦૪/૨૦૧૬

પ્રતિ,

જાહેર જનતા જોગ.

જિલ્લામાં આગામી આવનાર **રામ નવમી તથા મહાવીર જયંતી**ને અનુલક્ષીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને જાહેર સુલેહ જાળવવા સારૂ અનઅધિકૃત રીતની સભા / સરઘસ ઉપર પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે. તે માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા પુરતું કારણ હોવાનો અભિપ્રાય છે.

તેથી હું જગદીશ ડોડીયા, (આઈ.એ.એસ) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,ડાંગ-આહવા ફોજદારી કાર્યરીતી અધિનિયમ -૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ ડાંગ જિલ્લામાં આજથી તા.૧૩/૦૬/૨૦૧૬ નાં રોજ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ મુકવા હુકમ કરૂ છું.

(૧) ચાર કે તેથી વધુ શખ્શોએ ભેગા થવું નહી, સભાઓ ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહી.

(૨) જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા સુત્રો પોકારવા નહી.

(૩) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી અફવા ફેલાવવી નહી.

**આ હુકમ નીચેના કિસ્સામાં લાગુ પડશે નહી.**

(૧) લગ્નનાં વરઘોડા,સિનેમામાં,ટાઉન હોલમાં,સ્મશાન યાત્રામાં,એસ.ટી.બસમાં,રેલ્વે મુસાફરી માટે કે મંદિર, મસ્જીદ કે દેવળમાં પ્રાર્થના માટે શુધ્ધ આશયથી જતી વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૨) સક્ષમ અધિકારીશ્રીએ આપેલ સભા / સરઘસની પરવાનગીથી યોજાતા સભા કે સરઘસમાં જતી ભાગ લેતી વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૩) સરકારી નોકરીમાં અથવા કામગીરી હોય તેમની ઉપરી અધિકારીઓએ આવું કાર્ય કરવા ફરમાવ્યુ હોય અથવા ફરજ ઉપર હોય તે વ્યકિતઓને લાગુ પડશે નહી.

આ હુકમ આજથી ૦૦.૦૦ કલાકથી તા.૧૩/૦૬/૨૦૧૬ નાં કલાક ૨૪.૦૦ સુધી ડાંગ જિલ્લા હસ્તકના સમગ્ર વિસ્તારમાં અમલમાં રહેશે.

ઉપરોકત હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

આજ રોજ તા.૧૩/૦૪/૨૦૧૬ નાં રોજ મારી સહી તથા સિકકો કરી આપેલ છે.

(જગદીશ ડોડીયા)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ-આહવા

## જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી,ડાંગની કચેરી,આહવા

**ક્રમાંક : ફજદ/ગતિ મર્યાદા/વશી–૪૯૨૬૫ /૨૦૧૬, તા.૨૧/૦૩/૨૦૧૬**

**ધી મોટર વ્હીકલ એક્ટ–૧૯૮૮ ની કલમ–૧૧૨ (૨)**
**ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ–૧૯૮૯ નાં રૂલ્સ–૧૮૪**

પોલીસ અધિક્ષકશ્રી,ડાંગ–આહવાનાં તા.૦૭/૧૦/૨૦૧૫ ના પત્ર નં.ગનહ/આરબી/જાહેરનામું/૩૫૧૯/૨૦૧૫ અને પત્ર નં.ગનહ/આરબી/જાહેરનામું/૨૫૨/૨૦૧૬ તા.૨૯/૧/૨૦૧૬ થી પોલીસ મહાનિરિક્ષકશ્રી (કાયદો અને વ્યવસ્થા), ગુ.રા.ગાંધીનગરનાં પત્ર તા.૦૧/૧૦/૨૦૧૫ મુજબ રોડ સેફટીનાં પ્રરિપ્રેક્ષ્યમાં નામદાર સુપ્રિમ કોર્ટમાં ચાલતી મેટર સંબંધે વાહનોની અપર સ્પીડ લીમીટ નકકી કરી ડાંગ જિલ્લા માટે વાહનોની ગતિ મર્યાદા નકકી કરવી જરૂરી હોય, ગતિ મર્યાદા ઉપર નિયંત્રણ (સ્પીડ લીમીટ) લાદવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

ધી મોટર વ્હીકલ્સ એક્ટ – ૧૯૮૮ ની કલમ – ૧૧૨ ની પેટા કલમ (૨) તેમજ ગુજરાત મોટર વ્હીકલ્સ રૂલ્સ–૧૯૮૯ ના રૂલ્સ–૧૮૪ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો પ્રસિધ્ધ કરવામાં આવે છે કે, સદરહું મુસદ્દો રાજયપત્રમાં તે પ્રસિધ્ધ તે પ્રસિધ્ધ થયાની તારીખ થી ૩૦ દિવસ પુરા થયા પછી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ડાંગ–આહવા કોઈ પણ વાંધો કે સૂચનો વિચારણામાં લેશે નહિ. ઉપરોક્ત મુદ્દત પૂરી થાય તે પહેલાં સદરહું મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત પાસેથી જે કોઈ વાંધા અથવા સૂચનો જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ડાંગ–આહવાને મળશે તેના ઉપર તેઓ વિચારણા કરશે.

ધી મોટર વ્હીકલ્સ એકટ – ૧૯૮૮ ની કલમ–૧૧૨ ની પેટા કલમ (૨) તેમજ ગુજરાત મોટર વ્હીકલ્સ રૂલ્સ – ૧૯૮૯ ના રૂલ્સ–૧૮૪ હેઠળ મળેલ સત્તાની રૂએ હું આર્દ્રા અગ્રવાલ (આઈ.એ.એસ), જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી,ડાંગ આથી ડાંગ જિલ્લામાંથી પસાર થતાં રાજય માર્ગ, ગ્રામ્ય માર્ગ ઉપરથી પસાર થતાં ભારે અને હલકા પ્રકારનાં ટ્રાન્સપોર્ટ / નોન ટ્રાન્સપોર્ટ અને ઓટો રીક્ષા તથા ધ્વી ચક્રી વાહનો ધ્વારા અકસ્માત ન સર્જાય અને વાહન ચાલકોના તથા પ્રજાની સલામતી કે સગવડના હિતમાં ઉપરાંત રોજબરોજ બનતા વાહન અકસ્માતના બનાવોને ધ્યાનમાં લેતાં ડાંગ જિલ્લાના રાજય માર્ગ, ગ્રામ્ય માર્ગ તેમજ આહવા,,વઘઈ અને સાપુતારા ખાતેના રસ્તા ઉપર ચાલતાં યાંત્રિક વાહનોની ગતિ ઉપર નિયંત્રણ (સ્પીડ લીમીટ ) મુકવાનું આવશ્યક અને જરૂરી જણાતાં ડાંગ જિલ્લાના હદ વિસ્તારોમાંથી પસાર થતાં નીચેની અનુસૂચિ–૧ ના કોલમ (૨) માંના નિર્દિષ્ટ માર્ગ ઉપર દર્શાવેલ વાહનોના પ્રકાર હેઠળની નિયત કરેલ ગતિ મર્યાદા (સ્પીડ લીમીટ) અનુસરવા જાહેર કરવાનું ઠરાવવામાં આવે છે.

**<u>અનુસૂચિ – ૧</u>**

ડાંગ જિલ્લામાં આવેલ રાજય માર્ગ, ગ્રામ્ય માર્ગ તથા સાપુતારા નોટીફાઈડ વિસ્તાર ખાતેના રસ્તા ઉપર વિવિધ પ્રકારના વાહનો માટેની નિયત કરેલ ગતિ મર્યાદા.

| અ.નં | માર્ગ | વાહનોના પ્રકાર | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ભારે વાહનો | હલકા પ્રકારના વાહનો | | ઓટોરીક્ષા | ધ્વી ચક્રી વાહનો |
| | | | ટ્રાન્સપોર્ટ | નોન ટ્રાન્સપોર્ટ | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ભારત સરકારનાં જાહેરનામાં મુજબ | | | | | | |
| ૧ | રાજય માર્ગ | ૪૦ કિ.મી | ૫૦ કિ.મી. | ૫૦ કિ.મી | ૩૦ કિ.મી | ૪૦ કિ.મી. |
| ૨ | ગ્રામ્ય માર્ગ | ૩૦ કિ.મી | ૩૦ કિ.મી | ૪૦ કિ.મી | ૨૫ કિ.મી | ૩૦ કિ.મી |
| ૩ | સાપુતારા વિસ્તાર | ૩૦ કિ.મી | ૩૦ કિ.મી | ૩૦ કિ.મી | ૩૦ કિ.મી | ૩૦ કિ.મી |

<u>અપવાદ :–</u>

ધી મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ ની કલમ–૧૧૨ (૩) માં જણાવ્યા મુજબ મેનીવર્સ, ફિલ્ડ ફાયરીંગ એન્ડ આર્ટીલરી પ્રેકટીસ એકટ ૧૯૩૮ ની કલમ–૨ ની પેટા કલમ (૧) હેઠળની જાહેરાતમાં જણાવ્યા પ્રમાણેના વિસ્તારમાં અને તેવા સમય દરમ્યાન લશ્કરી હિલચાલના કામકાજ માટે વપરાતા તેમજ કલમ–૬૦ હેઠળ નોંધાયેલા કોઈપણ વાહનોને આ જાહેરનામું અસરકર્તા રહેશે નહી.

<u>શિક્ષા :–</u>

આ જાહેરનામાના કોઈપણ ખંડના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ–૧૮૬૦ ની કલમ–૧૮૮ તથા ધી મોટર વ્હીકલ એકટ–૧૯૮૮ ની કલમ–૧૮૩ અને કલમ–૧૮૪ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેરાત નિર્દિષ્ટ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ નિયત કરેલ ગતિ મર્યાદાના બોર્ડ રાજય માર્ગ ઉપર કાર્યપાલક ઈજનેરશ્રી, (મા×મ) વિભાગએ લગાડવાનો રહેશે. વધુમાં મેનેજરશ્રી,(ટેક) નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા,સાઈટ ઓફિસ,વશીયર, ડાંગએ નેશનલ હાઈવે ઉપર લગાડવાનો રહેશે. ટ્રાફિક બાબતે જરૂરી વ્યવસ્થા પોલીસ વિભાગ ધ્વારા કરવાની રહેશે.

આજ તારીખ :૨૧/૦૩/૨૦૧૬ નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

રવાના કર્યુ
જિલ્લા મેજીસ્ટ્રેટ,ડાંગ
આહવા વતી

જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ * આહવા *

સહી/–×××
( આર્દ્રા અગ્રવાલ )
જિલ્લા મેજીસ્ટ્રેટ,ડાંગ
આહવા